R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-21 • ISSUE: 49 DATE: 08-12-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ઇજિપ્તના નવા વરાયેલા કોપ્ટીક પોપને હિંદુ નેતાઓએ અભિનંદન પાઠવ્યા

ઈન્ડો અમેરીકન સ્ટેટમેન અને હિંદુ નેતા રાજન જેડ તરફથી ઈજીપ્તના ખ્રિસ્તીઓના નવા વરાયેલા કોપ્ટીક બિશપ તવાડ્રોસ દ્રીતીયને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.બિશપ તવાડ્રોસ,પોપ શેનોઉડા ત્રીતીય કે જેમનું ૮૮ વર્ષની ઉમરે અવસાન થયુ હતું તેમના પછી આવનાર બિશપ છે.તવાડ્રોસ ૬૦ વર્ષની ઉંમરે કોપ્ટીક ચર્ચના ૧૧૮માં નવા નેતા તરીકે વરાયા છે.જેડ તરફથી અપાયેલ સ્ટેટમેન્ટમાં જણાવાયું હતું કે નવા પોપ ઓફ એલેકઝાન્ડ્રીયા વિવિધ ધર્મોના આગેવાનો સાથે પોતાની ચર્ચાઓ ચાલુ રાખશે અને તેઓની સાથે સહકારથી કામગીરી કરશે અને વિશ્વના વિવિધ ધર્મો, સંપ્રદાયો સાથે માનવતાના પ્રશ્નો સાથે કામગીરી કરશે.ધર્મ એ માનવ જીવનમાં વિવિધ પ્રકારના સંઘર્ષો ઉભા કરી શકે છે.પરંતુ ચર્ચા દ્વારા આ બધી બાબતો પર સમાધાન શોધી શકાય છે તેવું જેડ તરફથી જણાવાયું હતું.તેઓ નેવાડા સ્થિત યુનીવર્સલ સોસા.ઓફ હિંદુઈઝમના પ્રેસિડેન્ટ છે. તેમણે કહ્યુ હતું કે દરેક ધર્મોએ સાથે મળીને કામ કરવું જોઈએ.કેટલાક કોમન ધાર્મિક મુદ્દાઓ પર સાથે કામ કરવાથી માનવજાતના હિત માટે કાર્ય કરી શકાય છે.જેવાકે શાંતિ સ્થાપવા,શાંતિ જાળવવા,સાાજિક અને આર્થિક વિકાસના કામો,સ્વાતંત્રતા માટે,હ્યુમન રાઇટ્સ માટે,આ બધા મુદ્દાઓ પર સર્વ સંમત રીતે કાર્ય કરી શકાય એમ છે.

નવા વરાયેલા પોપની શપથવિધિ નવેમ્બર ૧૮ તારીખે રાખવામાં આવી હતી.તેઓની પસંદગી ત્રણ વ્યક્તિઓમાંથી કરવામાં આવી હતી.તેઓનો જન્મ ૧૯૫૨માં થયો હતો.તેઓ ફાર્માસ્યુટીકલ સાયંસમાં એલેકઝાંડ્રીયા યુની.માંથી ગ્રેજ્યુએટ થયા હતા.તેઓ બિશપ તરીકે ૧૯૯૭માં દિક્ષા પામ્યા હતા.ત્યારબાદ તેઓ પોપ બન્યા છે.

## વિશ્વમાં ૧૦ માસમાં ૧૧૯ પત્રકારોની હત્યા

દુનીયા સુધી સમાચાર પહોચાડતા પત્રકારોને આ વર્ષે વધુ નિશાન બનાવાયા છે. ચાલુ વર્ષે માત્ર ૧૦ માસમાં જ સમગ્ર વિશ્વના આંકડા મુજબ ૧૧૯ પત્રકારોની હત્યા કરી દેવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય પ્રેસ ઈન્સ્ટીટ્યુટ(આઈપીઆઈ) દ્વારા આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. આ ઈન્સ્ટીટ્યુટ ૧૯૯૭થી દર વર્ષે પત્રકારો પર થતા હુમલાના લેખા જોખા પર કામ કરે છે.માહિતીને લોકો સમક્ષ મુકનારા પત્રકારો પર હુમલો કરી માહિતી રોકવાનો પ્રયાસ કરવામાં આવે છે.સીરીયા અને સોમાલિયામાં સૌથી વધુ પત્રકારોના મોત થયા હતા.

## પાકિસ્તાની તાલિબાનો ધર્મનિરપેક્ષ શાસકો સામે લડશે

પાકિસ્તાનમાં આતંક ફેલાવી રહેલા તાલિબાનો સરકાર સાથે ચર્ચા કરીને દેશમાં શાંતિ સ્થાપવા માટે વિચારી રહ્યા છે.પણ તેમની ધર્મનિરપેક્ષ શાસકો સામેની લડાઈ ચાલુ રહેશે.વિદેશમંત્રી રહેમાન મલિક દ્વારા હિંસા છોડીને શાંતિ સ્થાપવા માટે ચર્ચા કરવાની અપીલ કરાયાના જવાબમાં તાલિબાનોએ જણાવ્યું હતું કે તેહરિક-એ-તાલિબાન તેમનું યુધ્ધ ચાલુ જ રાખશે.તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી ધર્મનિરપેક્ષ શાસકો વિદેશી સત્તાની દોરવણી પ્રમાણે દેશ ચલાવશે ત્યાં સુધી તેઓની લડાઈ પણ ચાલતી રહેશે.

સર્વધર્મસમભાવ,નાગરિકી અધિકાર,હ્યુમન રાઈટ્સ,તેમજ મહિલાઓના અધિકારો ઉપર તેઓનો રોક લગાવવાનો ઈરાદો તો સ્પષ્ટ છે.તેમણે જ બનાવેલા કાયદાનો તેઓ ઉપયોગ કરશે અને તોજ શાંતિ આવશે.જો કે પાકિસ્તાની શાશકોના ગળે આ વાત ઉતરે છે કે કેમ તે વિચારવું રહ્યું.

## મતદાર સ્લીપ ઓળખકાર્ડ તરીકે માન્ય ગણાશે

વિધાનસભાની ચુંટણીમાં ચુંટણીપંચ દ્વારા મતદારોના ઘરે મતદાર સ્લીપનું વિતરણ કરાશે.આ મતદાર સ્લીપ ધરાવનાર કોઈપણ મતદાર સ્લીપના આધારે મતદાન કરી શકશે.ચુંટણી પંચે મતદાર સ્લીપને ઓળખકાર્ડ તરીકે માન્ય ગણતા અન્ય પુરાવાઓની જરૂર પડશે નહી.મતદારોના ઘરે ઘરે સ્લીપનું વિતરણ કરાશે.આ સ્લીપમાં મતદારનું નામ, સરનામું,મતદાર ઓળખકાર્ડ ક્રમાંક,મતદારનો ફોટો સહિતની વિગત હશે.તે વિસ્તારના પોલિસ અધિકારી,ચુંટણી અધિકારીના નંબરનો પણ ઉલ્લેખ છે. મતદાર સ્લીપ તૈયાર થઈ ગઈ છે.અને તેનું વિતરણ પણ હાથ ધરાયું છે. આ સ્લિપમાં મતદારનો ફોટો હોવાથી તેને ફોટો આઈડી તરીકે પણ ઉપયોગમાં લઈ શકાશે.કોઈપણ મતદાર પાસે આ મતદાર સ્લિપ હોય તો તેને મતદાન કરવાની મંજુરી અપાશે.મતદાર સ્લિપ ધરાવનાર નાગરિક પાસે અન્ય પુરાવાઓની જરૂર નથી.સંજોગોવસાત મતદાર સ્લિપમા કોઈ વિગત ખોટી હોય તો પણ આ સ્લિપને આધારે મતદારને મતદાન કરવા દેવાશે.આ સ્લીપ ચુંટણીપંચે આપી હોવાથી તેમાંની દર્શાવેલી વિગત માટે પણ કોઈ વિવાદને અવકાશ નથી.

## ધર્મનિરપેક્ષ પત્રકારોના જીવ જોખમમાં છે. તાલિબાનો

પાકિસ્તાનમાં આતંક ફેલાવી રહેલા તાલિબાનોએ જણાવ્યું હતું કે વરિષ્ઠ પત્રકાર અને ટીવી એન્કર હમિદ મીર પર થયેલા હુમલા માટે તેઓ પોતે જ જવાબદાર છે.જે લોકો ધર્મનિરપેક્ષતાની વાતો કરશે તેમના જીવને ખતરો થતો રહેશે.તેહરિક-એ-તાલિબાને હમિદ પર થયેલા હુમલાની જવાબદારી સ્વીકારી હતી. હમિદ ધર્મનરપેક્ષતામાં માનતા હતા.તેથી તેમની પર હુમલો થયો હતો.

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

## ૨૦૧૫માં યુકે ભારતને અપાતી સહાય બંધ કરશે,સામે વલ્ડવિઝને સવાલ કર્યો



ક્રિશ્ચિયન રીલીફ અને ડેવલપમેન્ટ ગ્રુપ,વર્લ્ડ વિઝન દ્વારા ભારતને ૨૦૧૫ થી બધી પ્રકારની સહાય બંધ કરાશે તેવી બ્રિટન દ્વારા જાહેર કરવામાં આવેલ બાબતે પ્રશ્નો ઉભા કર્યા હતા.વર્લ્ડ વિઝન દ્વારા જણાવાયું હતુ કે અમો સંમત છીએ કે ભારતમાં લાંબા સમયથી વિકાસ અને બીજી બાબતોમાં સહાય આપવામાં આવી રહી છે.પરંતુ અત્યારે ભારતના અડધા બાળકો જેઓ પાંચ વર્ષથી નીચેની આયુના છે તેઓ અપુરતા પોષણને કારણે પીડાઈ રહ્યા છે.૬૦ મીલીયન બાળકોની આ સંખ્યા છે જે બ્રિટનના કુલ વસ્તી જેટલી સંખ્યા છે.ડેવીડ થોમસન,હેડ ઓફ પોલીસી એટ વર્લ્ડ વિઝન,યુકે દ્વારા આ જણાવાયું હતું.

બ્રિટીશ સરકાર દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું કે ૨૦૧૫માં અમો બધા પ્રકારની સહાય બંધ કરવાના છીએ કારણકે ભારત વિશ્વમાં બદલાઈ રહ્યું છે.ભારત છેલ્લા ત્રણ વર્ષથી ૨૭૭ મીલીયન પાઉન્ડની નાણાકીય સહાય મેળવી રહ્યું છે.

જસ્ટીન ગ્રીનીંગ,ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ સેક્રટરી,યુ.કે દ્વારા આ જણાવાયું હતું.ભારતના વિકાસ સબંધી વાત કરતાં વર્લ્ડ વિઝને જણાવ્યું હતું કે ભારતનું આર્થિક માળખું બદલાઈ રહ્યું છે.અને તેનો વિકાસ થઈ રહ્યો છે.પરંતુ સરકાર માટે એ સહેલું નથી કે તેઓ ટુંકા સમયમાં ઘણા બધા લોકોને ગરીબીમાંથી બહાર કાઢી શકે.

વર્લ્ડ વિઝને ભારતમાં ગરીબી સામે લડવામાં ૩૦ મીલીયન પાઉન્ડનું રોકાણ કર્યું છે.ખ્રિસ્તી એનજીઓ એ જણાવ્યું હતુ કે તેઓનો આશય ગરીબી નાબુદીની સાથે સાથે ગરીબ કુટુંબોને મદદ કરવાનો અને સરકાર પાસેથી તેમને મળતી તમામ સહાય મેળવી આપવાનો છે.ગત વર્ષે યુકે સરકારે ભારતને ૨૫૦મીલીયન પાઉન્ડની બાઈલેટરલ સહાય આપી હતી. અને ૨૯ મીલીયન પાઉન્ડની ટેકનીકલ કો.ઓપરેશનની સહાય આપી હતી.

પ્રોગ્રામની ચકાસણી અને ભારત સરકાર સાથેની ચર્ચાઓ બાદ,તેઓ એવા નિષ્કર્ષ ઉપર પહોચ્યા હતા કે હવે એવો સમય આવ્યો છે કે આપણે આપણા સબંધોને સ્કીલશેરીંગ તરફ લઈ જઈએ,અને સહાયને બાજુ પર રાખીએ.યુ.કે ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ સેક્રટરી જસ્ટીન ગ્રીનીગે આ જણાવ્યું હતું.કેટલાંક અગ્રણી સહાય ગ્રુપોએ યુ.કે નાસહાય કાપવાના આ નિર્ણયની આલોચના કરી હતી.

સેવ ધ ચિલ્ડ્રન દ્વારા જણાવાયું હતું કે નાણાંકીય કાપનો નિર્ણય પ્રીમેચ્યોર છે.ભારતનો આર્થિક વિકાસ આર્કષક છે.પરંતુ ૧.૬ મીલીયન બાળકો ભારતમાં દર વર્ષે મૃત્યુ પામે છે.તેવું કીટી એરી,ચેરીટીઝ ડીરેકટર ઓફ એડવોકેસીએ જણાવ્યું હતું.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

## નવ ક્રાંતિ

આયારામ,ગયારામ, આજે આ પક્ષમાં બીજી સવારે બીજા પક્ષની ટીકીટ, રાજકારણીઓ એટલે બેવફાઓની જમાત.કોઈને પણ વફાદાર ન રહેવાની તેમની આદત.જે લોકો તેમના પક્ષને વફાદાર રહી શકતા નથી તેઓ જનતાને તો કેવી રીતે વફાદાર રહી શકે.આ વાત મતદારને સમજવાની છે.મતદારો બેવફાઈના કારણે ફારગતી આપી શકે છે.તેમાં તેમને કોઈ નડવાનું કારણ નથી. જો કે જે તે ઉમેદવારો પોતાના મનમાં એમ સમજે છે કે આ ભોળા મતદારો એમની લાલચમાં આવી ને તેમને જરુર થી સત્તાના સિહાસન પર બેસાડી દેશે.મતદારોએ હવે નક્કી કરવાનો સમય આવી ગયો છે કે કેવા ઉમેદવારોને તેઓ જીતાડશે જે તેમને વફાદાર રહ્યા છે તેમને કે જેઓ બેવફાઈ કરીને તેમની પાસે મત માંગવા આવ્યા છે તેમને.મતદારો માટે નક્કી કરવાનો આ સુવર્ણ અવસર આવ્યો છે.

## મંતવ્ય

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાના ગામ નવાભવનાથમાં પ્રાથમિક શાળા આવેલી છે.તેમાં ધો.૧ થી ૭ના બાળકો અભ્યાસ કરે છે.આ સ્કુલમાં કુલ બાળકોની સંખ્યા ૨૫૦ છે.અને શિક્ષકોનો સ્ટાફ ૮નો છે.મધ્યાન ભોજનનો સ્ટાફ બે નો છે.આમ કુલ ૧૦નો સ્ટાફ છે.આ શાળામાં રમતગમતનું મેદના અને નાના બાળકો માટે હિંચકા,લપસણી પણ છે.પાણીની ટાંકી તેમજ શૌચાલયની વ્યવસ્થા છે.શાળામાં નિયમિત રીતે શિક્ષકો આવે છે અને ભણાવે છે.શાળામાં ગરીબ અને તવંગર બાળકો ભણે છે.તેમજ સાથે બધા મધ્યાન ભોજન લે છે.જ્ઞાતિનો કોઈ ભેદભાવ નથી.બાળકોના વાલીઓ અવારનવાર સ્કુલની મુલાકાત લે છે.તેમજ શિક્ષકોને મળીને પોતાના બાળકોના અભ્યાસ બાબતે ચર્ચા પણ કરે છે.જો કે ગુજરાતમાં આવી શાળાઓ કેટલી ? આ શાળા એક નમુના રુપ શાળા છે.ગામનો વિકાસ ત્યારે જ થાય જ્યારે અંતરિયાળ ગામોમાં આવી શાળાઓ હોય

કોટવાળ હેમલત્તાબેન શંકરભાઈ,નવાભવનાથ,તા.ભિલોડા જી.સા.કાં

### પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જરુરીયાત

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શોભાયડા ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નથી.જેથી બિમાર લોકોને બહુ દુર દવાખાને લઈ જવા તકલીફ પડે છે.લોકો ગરીબ હોવાથી જીપના ઉંચા ભાડાને કારણે દર્દીઓને દવાખાને પહોચાડી શકાતા નથી.આસપાસના વિસ્તારોમાં દવાઓ પણ ઉપલબ્ધ નથી.જેથી આ ગામડામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જરુરીયાત હોઈ શરુ કરવા સરકારશ્રીને અમારી વિનંતી છે.

બરંડા રમીલાબેન દશરથભાઈ,
મુ.શોભાયડા,પો.મોટીબેબાહ,તા.ભિલાડા. જિ. સા.કાં.

### બિસ્માર રસ્તાઓથી ગ્રામ્યપ્રજા પરેશાન છે

સાબરકાંઠા જિલ્લાના રાજસ્થાન સરહદ સાથે સંકળાયેલા ભિલોડા તાલુકાની ગ્રામ્યપ્રજા ગામડાઓના બિસ્માર રસ્તાઓથી અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરી રહી છે.દર્દીઓને હોસ્પીટલ પહોચાડવામાં,દાકતરોને ગામડાઓમાં દર્દીઓ સુધી પહોચવામાં,અને સગર્ભા મહિલાઓને પ્રસુતિ માટે હોસ્પીટલમાં ખસેડવામાં મુશ્કેલીઓ ઉભી થાય છે.ભિલોડા તાલુકાના બિસ્માર રસ્તાઓને સુધારવામાં આવે તો તે વિસ્તારનો ઝડપથી વિકાસ પણ થઈ શકે છે.ખરાબ રસ્તાઓને કારણે અહીયા આવતા યાત્રાળુઓને ભારે હાલાકી ભોગવવી પડે છે.

જગદીશ નબીયાર,મુ.રામપુરી તા. ભિલોડા.જી. સાબરકાંઠા


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫


# હાસ્યમાં પણ સુગંધ હોવી જોઈએ

હાસ્ય વિશે વાત કરતાં પહેલા જોઈએ તો સાહિત્યમાં નવ રસ છેઃ કરુણ,રૌદ્ર,શાંત,ભયાનક,વીર, શૃંગાર, અદ્‌ભુત, હાસ્ય અને બિભત્સ. હાસ્ય આ નવ રસમાંનો એક છે. હાસ્યની જે પુષ્ટિ કરે છે તેને હાસ્યરસ કહેવાય છે.એના પણ ત્રણ ભેદ છે : મંદ,મધ્યમ અને અતિ. કિશોરલાલ મશરુવાલાએ કહ્યું છે : સામાન્ય રીતે કટાક્ષ,મર્મ હાસ્ય અને હાસ્ય - એ હાસ્યરસના સાધનો છે.એમ આપણે માનીએ છીએ.કેટલાક લોકો વિકૃત ચેષ્ટા,વિકૃત વેશ કે વિકૃતવાણી સાંભળીને દાંત દેખાય એ રીતે હસતા હોય છે.સામેનાન ઉડાવતા હોય છે.તેને ઠઠ્ઠા મશ્કરી કહેવાય છે.કેટલાક લોકોની હાસ્યવૃત્તિ અદ્‌ભુત હોય છે. હસવાનું અને આનંદ લેવાનો, પણ હસતાં હસતાં બંધ થઈએ ત્યારે સમજાય કે હાસ્યની પાછળ કેવી કરુણતા છુપાયેલી છે ?કોઈએ ખાસ કહ્યું છે : હસો,ખુબ હસો, પણ હસવાસમ ના બનાવો જીંદગી.બીજા લોકો આપણને હસી કાઢે,એવી જીંદગી બનાવવી જોઈએ નહી. આપણે મશ્કરીને પાત્ર થવું, આપણી કોઈ હાંસી ઉડાવે એવું કોઈ કાર્ય ક્યારેય ન કરવું. આપણે જાણીએ છીએ કે હાસ્ય એક ઉત્તમ ઔષધ છે.જે માણસ ખુલ્લા મનથી, મનમાં કશું પણ રાખ્યા વિના ખડખડાટ હસી શકે છે, એણે ડોકટરને ત્યાં જવું પડતું નથી.જુદા જુદા લોકો જુદી જુદી રીતે હસતા હોય છે.કેટલાક માત્ર હોઠથી, તો કેટલાક હૃદયથી હસતા હોય છે.જે માત્ર ઔપચારિકતા ખાતર,લુખ્ખેલુખ્ખુ હસતો હોય, એનો ભરોસો ક્યારેય ના કરી શકાય.કેટલાક લોકો હૃદયની ગહનતામાંથી હસતા હોય છે.આજે તો હાસ્ય પણ માર્કેટ જેવું બની ગયું છે.કોઈ પાત્ર ભજવતા હોઈએ, હસવું પડે તો હસીએ, પણ એક નાટકરુપે,એવા હાસ્યમાં આત્મીયતાન અણસાર પણ ન હોય.હાસ્ય તો પ્રથમ વરસાદ પછી ધરતી ચીરીને બહાર આવતી લીલાશ જેવું હોવું જોઈએ.

હાસ્ય -ન.(સં)હસવું તે. આટલો અર્થ થાય છે. હંમેશા હસતા રહેવું એ તંદુરસ્તીની નિશાની છે. આપણે કહીએ છીએ કે હસે તેનું ઘર વસે, આપણે જાણીએ છીએ કે હાસ્ય એ ફુલ જેવું હોય છે. જેમાં ભારોભાર નિર્દોષતાનો અહેસાસ થાય છે.પણ કોઈ સુગંધ વિનાનું ફુલ પસંદ કરતું નથી.લુખ્ખુ હાસ્ય કોઈને ગમતું નથી.હાસ્ય પણ ભીતર ભેદીને આવવું જોઈએ. હાસ્યમાં પણ સુગંધ હોવી જોઈએ. હાસ્યને બળજબરીથી લાવી શકાતું નથી. દિગ્દર્શક અભિનેતાને સુચના આપે, હસો હસો, તો અભિનેતા હસે, હાસ્યમાં ઔપચારિકતા આવે ત્યારે તે નાટક બની જાય છે.કોઈની સાથે હસ્તધુનન કરવાનું,ખાલી ખાલી હાથ જોડીને નમસ્તે નમસ્તે બોલતા જવાનું અને ચહેરા પર હાસ્ય લાવવાની બનાવટ કરવાની ! એને હાસ્ય ન કહેવાય.જે હાસ્યરસિક છે એનુ વ્યક્તિત્વ પણ ઉભરી આવે છે.એનો આગવો પ્રભાવ પડતો હોય છે.એ સૌનો પ્રિય હોય છે.એક સરસ ઉક્તિ છે.હાસ્ય એવી ભાષા છે, જેને બાળક પણ સમજી શકે છે.માણસના હૃદયમાંથી સ્ફુરેલું એક સ્મિત કોઈના જીવનની અધુરપને દુર કરી શકે છે.હાસ્ય એ માણસને જીવવા માટેનો એક આધાર છે.હાસ્યથી દીર્ઘાયું બની શકાય છે.મનમાં કોઈ પણ તાણ રહેતી નથી.તન-મન સ્ફુર્તિમાં રહે છે.આનંદથી જીવો-લાંબુ જીવો. ગાંધીજીએ પણ કહ્યુ છે : જો મારામાં વિનોદનો ગુણ ન હોત તો મે ક્યારની આત્મહત્યા કરી લીધી હોત. હાસ્યથી બધો જ ભાર હળવો બની જાય છે. જગતનો ખ્યાતનામ હાસ્ય અભિનેતા ચાર્લી ચેપ્લીને કહ્યું છે કે હાસ્ય વગરનુ 'જગત વિનાશને પાત્ર છે.જેનામાં હસવાની ક્ષમતા નથી, અથવા' પોતાના ધંધા-રોજગારમાં એટલો બધો રચ્યોપચ્યો રહે છે કે એના હાસ્યે એની પાસેથી દેશવટો લીધેલો હોય છે એવા લોકો જીવતે મુઆ બરાબર છે.

મહર્ષિ અરવિંદે રહ્યું છે : હાસ્ય એ જીવનનો રસ છે.માત્ર એ સાહિત્યના નવ રસમાંનો એક નહી,પણ માણસના જીવાતા જીવનનો પણ એક રસ છે. સતત ટેન્શનમાં રહેતો માણસ ખુલ્લા દિલથી જો હસી શકે નહી તો તે વેળાસર ગુજરી જાય છે. અબ્રાહમ લિંકને પણ કહ્યું છે કે રાત દિવસ એટલો ભયંકર તનાવ મારા પર રહે છે કે જો હું હસું નહી તો મરી જાઉ.આજનો યુગ તો ભયંકર ટેન્શનવાળો છે. ક્ષણે ક્ષણે જાગૃત રહેવું પડે છે.વધારે પડતી સાવધાનીના કારણે માણસ મુક્તિથી જીવી શકતો નથી.એમાંય, જો એનું હાસ્ય વિલાઈ જાય તો કેવા પરિણામ આવે ?ઘણા થોડા લોકોના ચહેરા ઉપર નિર્દોષ હાસ્ય હોય છે.નિર્દોષ હાસ્ય એટલે શું ? રામચરણ મહેન્દ્રે તેમના આનંદમય જીવનમાં કહ્યું છે કે દુધ પીતા શિશુ જેવું નિર્દોષ હાસ્ય રેલાવે છે એવું હાસ્ય મસ્તીથી, દુઃખોને દુર કરવાની અસલી દવા છે.જેના હૃદયમાં કોઈપણ પ્રકારનું કપટ ના હોય,કોઈના પ્રત્યે સહેજ પણ દ્વેષભાવ ન હોય એવા હાસ્યની વાત છે. કેટલાક લોકો બીજાની પાસેથી બદલો લઈને ખંધુ હસતા હોય છે.એવા હાસ્યમાં નિર્દોષતા કેવી ?હાસ્ય કેવું હોય ? વિલિયમ રોસ્ટરે કહ્યું છે : જેમ નદીમાં આવેલા પુરને રોકી શકતા નથી,કારણકે બંને પ્રાકૃતિક પરિસ્થિતિ છે.જે બનાવટી હાસ્ય હોય એ કુદરતી હોઈ જ શકે.કુદરતી હાસ્ય તો ઝરણાની જેમ અંદરથી ફુટતું હોય છે. માણસ કેવા પ્રકારનું હસે છે. એના પરથી એની પ્રકૃતિનો ખ્યાલ આવતો હોય છે.કોઈપણ મનુષ્યના હાસ્ય પરથી ઘણીવાર તેના ગુણ-અવગુણ અને પ્રકૃતિ પારખી શકાય છે.અમુક વ્યક્તિ હસીને પોતાના ચારિત્ર્યદર્શન પણ કરાવી શકે છે.અવલોકનશક્તિ તથા સામુદ્રીક જ્ઞાનથી હાસ્યમાં છુપાયેલા ગુણદોષ જાણી શકાય છે.સમજદાર વ્યક્તિ તમારા હસવાની ઢબ પરથી તમને પારખી શકે છે.તમે માત્ર હસવા ખાતર હસો છો ,સામેની વ્યક્તિને સારુ લગાડવા હસો છો, અથવા સાચા દિલથી હસો છો,એની ચાડી તમારો ચહેરો ખાતો હોય છે.હાસ્યના ઘણા પ્રકાર હોય છે.કોઈ મરક મરક હસે છે.તો કોઈ મુખ મલકાવી મંદ હાસ્ય કરે છે. અમુક દિલ ખોલીને મધુર હાસ્ય કરે છે.તો કેટલાક ખડખડાટ હસી પડે છે.આ દરેક હાસ્ય પાછળ કાંઈ ને કાંઈ રહસ્ય અથવા મનની ઈચ્છાઓનો ભાવાર્થ છુપાયેલો હોય છે.તમારા મનમાં કેવો ભાવ પડેલો છે એ તમારા હાસ્ય પરથી પરખાય છે.

સંત તિરવલ્લુવરે કહ્યુ 'છે :મનુષ્યને આપત્તિનો સામનો કરવામાં સ્મિતથી વધારે કોઈપણ ચીજ સહાયભુત થતી નથી.આપઘાત કરવા જતા માણસને કોઈ નાનકડું સ્મિત આપે તો એના વિચારોમાં બદલાવ આવી શકે છે.માણસનું સ્મિત તો દુઃખી આત્માનો આશરો છે.બળબળતા બપોરમાં લિમડાનો મીઠો છાંયડો છે. સ્મિત તો, સ્મિત તો આમ્રકુંજમાં ટહુકતી કોયલ છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી,
(સૌ.સંદેશ)


## વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

## વિશ્વાસ સામે લડાઇ :અબ્રાહમ લિંકન વિશ્વાસ સામેની તેમની અંગત લડાઇ લડ્યા હતા



અબ્રાહમ લિંકન અમેરિકાના સૌથી ચહિતા પ્રેસીડેન્ટ પૈકીના એક પ્રમુખ હતા.તેમણે સીવીલ વોર વખતે પ્રમુખ તરીકે દેશનો વહીવટ હાથમાં લીધો હતો.અને અત્યંત ગંભીર પરિસ્થિતિમાંથી દેશને બહાર લાવ્યા હતા.પરંતુ લેખક સ્ટીફન મેન્સફીલ્ડે જણાવ્યુ હતું કે એ એક એવા માનવી હતા કે જેમણે વિશ્વાસમાં આવતાં પહેલા ઈશ્વર સાથે સ્ટ્રગલ કરી હતી.તાજેતરમાં મેન્સફીલ્ડે સીબીએનના એન્કર લી વેબ સાથે વાતચીતમાં તેમના નવા પુસ્તક બાબતે કહ્યુ હતું.તેમના નવા પુસ્તકનું નામ છે ‘‘લિંકન બેટલ વિથ ગોડ’’ તેમાં તેમણે જણાવ્યું છે કે કેવી રીતે લિંકન ઈશ્વર સાથે અનંત વિશ્વાસમાં જોડાયા.

## વેટીકન તરફથી હિંદુ સમાજને દીવાળી પર્વની શુભેચ્છાઓ અપાઇ



વેટીકન તરફથી હિંદુ કોમ્યુનીટીને દિપાવલીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.વેટીકને આપેલા સંદેશામાં જણાવાયું હતું કે ખ્રિસ્તીઓ તથા હિંદુઓની સામુહિક જવાબદારી બને છે કે તેમણે યુવા પેઢીને શાંતિ બનાવનારા યુવાનો તરીકે ઢાળવાના છે. પોન્ટીફીસીયલ કાઉન્સીલ ફોર ઈન્ટરરીલીજીયન ડાયલોગે દીપાવલીની હાર્દિક શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે તમારા પવિત્ર તહેવારો આપના કુટુંબીજનોને સુખ અને શાંતિ આપનારા બની રહે તેવી અમારી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.તેમજ આપણા સબંધો શાંતિપુર્ણ બની રહે તેવી શુભકામનાઓ કરીએ છીએ.

આપણે આપણી યુવાન પેઢીને શાંતિના બનાવનારા બિલ્ડરો બનાવીએ અને સામાન્ય માનવીઓના સુખી ભવિષ્યને ઉજળું બનાવીએ,એવી શુભ કામનાઓ આપી હતી.

## આરોગ્યની તરફેણમાં ગર્ભપાતને કાયદેસરતા આપવા આર્યલેન્ડ સરકાર સામે દેખાવો



એક ભારતીય મહિલા સવિતા હાલાપ્પનાવરનું કોર્ક,સાઉથ આર્યલેન્ડ ખાતે આરોગ્ય કથળતાં,તેનો ગર્ભપાત કરવાની હોસ્પીટલ સત્તાવાળાઓ કાયદા મુજબ ના પાડતાં,તેણીનું મોત નિપજ્યું હતું.તેના વિરોધમાં સરકારે આ કાયદામાં બદલાવ લાવીને આરોગ્ય સાથે લેવાદેવા હોય તેવા કેસોમાં ગર્ભપાતની મંજુરી આપવી જોઈએ,તેવા ઉદેશ્યથી ૪૦૦થી વધુ લોકોએ હાથમાં કેન્ડલ લઈને સરકાર સામે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આજ પ્રમાણે ડબ્લીન ખાતે પાર્લામેન્ટની સામે પણ દેખાવો યોજવામાં આવ્યા હતા.૩૧ વર્ષીય સવિતાને ૧૭ સપ્તાહનો ગર્ભ હતો.તેણીની તબીયતને કારણે ગર્ભપાત કરવો જરુરી હતો.તેણીને ગેલવે યુની.હોસ્પીટલમાં નાજુક તબીયતને કારણે દાખલ કરવામાં આવી હતી.અને આ સમયે તેણીની જીંદગી બચાવવા માટે ગર્ભપાત કરવો જરુરી હતો. પરંતુ તબીબોએ આર્યલેન્ડ કેથોલીક દેશ હોવાથી અને તેના કાયદા ગર્ભપાત કરવાની કાયદેસર મંજુરી આપતા નથી એમ કહીને તેણીનો ગર્ભપાત કરવા ના પાડી હતી.તેણીનું આરોગ્ય કથળતા ૨૮ ઓક્ટો.ના રોજ અવસાન પામી હતી.

જો કે હોસ્પીટલ સત્તાવાળાઓએ આ દંપતિને જાણ કરી હતી કે પેટમાંનું બાળક જીવશે નહી.પરંતુ જ્યાં સુધી પેટમાં રહેલ બાળકના હૃદયના ધબકારા સંભળાતા હોય ત્યાં સુધી ગર્ભપાત થઈ શકે નહી.સવિતાના પતિએ કહ્યું હતું કે આ સાંભળીને મને ભારે આંચકો લાગ્યો હતો.કારણકે ધર્મને કારણે કોઈકનું જીવન ખતરામાં પડી શકે.આ દંપતિ ત્યાંનું રહેવાસી અને ત્યાં કામ કરે છે.પરંતુ સવિતાના મોતે આ દેશમાં ગર્ભપાતના મુદ્દે ચર્ચાઓ શરુ થઈ ગઈ છે અને સ્વાસ્થના કારણોસર તો મંજુરી આપવી જોઈએ તેવો સુર વહેતો થયો છે.

આર્યલેન્ડનું બંધારણ કાયદેસર રીતે ગર્ભપાતને મંજુરી આપતું નથી.પરંતુ ત્યાંની સુપ્રીમકોર્ટે એવો ચુકાદો આપ્યો છે કે કોઈપણ સ્ત્રીએ ગર્ભ ધારણ કર્યો હોય અને તેના કારણે તેની જીંદગી જોખમમાં હોય તો તેવા પ્રસંગે ગર્ભપાત કરી શકાય.આઈરીશ હેલ્થ ઓથોરીટીએ આ બાબતે તપાસ શરુ કરી છે.આરોગ્ય મંત્રીએ કહ્યું છે કે આપણે આ બાબતે વિચારીશું.

આર્યલેન્ડ ખાતેના કેટલાક સમાજીક કાર્યકરો,સવિતાના માંબાપ વિગેરેએ ગર્ભપાતના કાયદામાં છુટછાટ મુકવા માટે માંગણી કરી છે.સવિતાના પિતાએ કહ્યું હતું કે જો તેમની દિકરીની વિનંતીને હોસ્પીટલના સત્તાવાળાઓએ સ્વીકારી હોત તો આજે તેમની દિકરી જીવતી હોત.સવિતાના મૃત્યુ સબંધી ડબ્લીન ખાતેના ભારતના સત્તાવાર પ્રવક્તા સૈયદ અકબરુદીને જણાવ્યું હતું કે અમારી એમ્બસી આ બાબતની નજીકથી છાનભિન કરી રહી છે.આપણા દેશવાસીનું એક અત્યંત કટોકટીભરી પરિસ્થિતિમાં મૃત્યુ થયું છે તે અમારા માટે અગત્યનો મુદ્દો છે.અમોએ સવિતાના કુટુબીંજનોને શોકસંદેશો પાઠવ્યો છે.

દિલ્હી કેથોલીક આર્ચડાયોસીસ તરફથી જણાવાયું હતું કે માતાની જીંદગી બચાવવા ગર્ભપાત કરવો જરુરી હતો તો તે કરવો જોઈએ.જ્યારે માતાની જીંદગી જોખમમાં હોય,તેણીની જીંદગી બચાવવી જોઈએ.અને આ પ્રમાણે જરુરી ગર્ભપાત કરતાં ગર્ભસ્થાનમાં રહેલ શિશુને કંઈક પણ થાય તો તે માટે ડોકટર ને માતાને જવાબદાર ગણી શકાય નહી કારણકે માતાની જીંદગી બચાવવી અત્યંત જરુરી છે.કારણ કે માતાની જીંદગીને ખતરામાંથી બહાર કાઢવાની છે.ઈરાદો જીંદગી બચાવવાનો છે.રેવ ફાધર ડોમનીક ઈમ્મેનુએલ, સ્પોક્સપર્સન,દિલ્હી કેથોલીક આર્ચડાયોસીસએ પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયાને આ જણાવ્યું હતું.

એક અંદાજ મુજબ ૪૦૦૦ જેટલી આઈરીશ મહિલાઓ પ્રત્યેક વર્ષે ઈગ્લેન્ડ જે તેમનો પડોશી દેશ છે ત્યાં જઈને ગર્ભપાત કરાવે છે.૧૯૬૭થી ત્યાં માગણી કરવાથી ગર્ભપાત કરી શકાય છે.

આર્યલેન્ડમાં ગર્ભપાતના મુદ્દે ચર્ચાઓ ઉગ્ર બની રહી છે.સવિતાના મૃત્યુ થકી આર્યલેન્ડની મહિલાઓ માટે સ્વાસ્થ માટે ગર્ભપાત કાયદેસર બની શકે છે.

જોકે સતત દેખાવો અને ચર્ચાઓ તેમજ સરકાર પરના દબાણને કારણે સરકારને આ બાબતે ગર્ભપાતના કાયદામાં સુધારા કરવાનો વિચાર કરવા મજબુર બનવું પડ્યું છે.

| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી,<br>નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),<br>અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની,<br>બહેરામપુરા,અમદાવાદ.૨૨ |

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન,<br>શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧<br>મો.૯૯૨૪૪૭૨૮૯૫

૨.શ્રી ગીદીયોલ પોલ,<br>મેરેજ રજીસ્ટાર,<br>કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ<br>૦૨૬૯૨-૨૫૦૯૬૯<br>મો.૯૯૨૪૨૦૫૫૦૫,<br>૯૭૨૩૩૩૨૩૯૬

આપના લવાજમો તેમને આપી આભારી કરશો.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## ટીવીનું ડીજીટલ ભાવિ

(આજકાલ ટી.વી.ના ડીજીટીકરણ વિષે ચર્ચાઓ ચાલે છે.અને સરકાર તે હવે બધાને માટે ફરજીયાત કરવાની છે.એવા સમાચારો છે.જેઓ તેમના ટી.વી.સેટમાં ડીટીએચ કનેકશનને સેટ ટોપ બોક્ષ નહી મુકે તેઓ ટી.વી.ના કાર્યક્રમો જોઇ નહીં શકે.આ ટીવી ડીજીટીકરણ હકીકતે શું છે અને કેબલ ઓપરેટરો શા માટે તેનો વિરોધ કરી રહ્યા છે તે જાણવું જરુરી છે.તો વાંચો નીચેનો માહિતીસભર લેખ અને બીજાને પણ તેની વાત કરી જાણકારી ફેલાવો. યાદ રાખો કે જે ઠોઠ છે તેનો ભગવાન પણ ઉપયોગ ના કરી શકે. એટલે આપણે જ્ઞાની બનવું જોઇએ - ફાધર વિલિયમ)

ભારતીય ટીવી ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ પક્ષ માટે ૧ નવેમ્બરનો દિવસ ઐતિહાસિક બની રહેશે.કારણ કે એ દિવસથી ભારતના ચાર મહાનગર મુંબઇ, કોલકત્તા, ચેન્નઇ અને દિલ્હીમાં ટીવીનું ડીજીટલ પ્રસારણ ફરજીયાત બન્યું એટલે કે ટીવીમાં ડીટીએચ કનેકશન કે સેટ ટોપ બોક્ષ હોય,તો જ ટીવી ચેનલો જોઇ શકાય,નહીંતર અંધારપટ.

આવો નિર્ણય ફરજીયાત રીતે લાદવા સામે કચવાટ અને અસંતોષ હોય તે સમજી શકાય એમ છે.કારણકે તેનાથી સ્થાનિક કેબલ ઓપરેટરના કસદાર ધંધા પર સીધી અને માઠી અસર થવાની હતી. ટીવી પ્રસારણ ડીજીટલ ન હોય ત્યારે એ ત્રણ તબક્કે દર્શક સુધી પહોંચે છે.સૌથી પહેલાં વિવિધ ચેનલો કાર્યક્રમો તૈયાર કરીને તેમને પ્રસારિત કરે છે.મલ્ટી સીસ્ટમ ઓપરેટર એ કાર્યક્રમના વિતરણની જવાબદારી સંભાળે છે.અને છેલ્લે આવે છે સ્થાનિક કેબલ ઓપરેટર,તેમની ભુમિકા અત્યંત મહત્વની છે.કારણ કે પ્રસારણ ડીજીટલ નહોય ત્યારેચેનલ કાર્યક્રમ બનાવીને મુકી દે અને મલ્ટી સીસ્ટમ ઓપરેટર તેને આગળ ધપાવે છે.ત પણ દર્શકના ઘર સુધી કઇ ચેનલ પહોંચશે એની સત્તા સ્થાનક કેબલ ઓપરેટર પાસે રહે છે.પ્રસારણ ડીજીટલને બદલે સાદુ (એનલોગ)હોય ત્યારે કેબલ કનેકશનમાં ફક્ત ૧૦૦ ચેનલો જ સમાવી શકાય છે.એટલે ચેનલોની પસંદગીનું કામ અને સ્થાનિક કેબલ ઓપરેટરનો દબદબો ઓર વધે છે.

સ્વાભાવિક છે કે સ્થાનિક કેબલ ઓપરેટર આ બાબતનો ભરપુર આર્થિક ફાયદો ઉઠાવે અને ચેનલો પાસેથી સારી પેઠે નાણાં વસુલી શકે.પરંતુ આટલેથી તેમની ભુમિકા અટકતી નથી. દર્શકો ચેનલોનું પ્રસારણ જોવા માટે જે ફી ચુકવે છે તે પણ ચેનલને કે મલ્ટી સીસ્ટમ ઓપરેટરને નહી, સ્થાનિક કેબલ ઓપરેટરને જ ચુકવે છે.સ્થાનિક કેબલ ઓપરેટરે કેટલાં ગ્રાહકોને કનેકશન આપ્યાં છે અને એમની પાસેથી મહિને ફીની કેટલી રકમ મળી છે એ જાણવા માટે મલ્ટી સીસ્ટમ ઓપરેટરને ન છુટકે કેબલ ઓપરેટરની વાત પર ભરોસો રાખવો પડે છે.ટુંકમાં, ચેનલો રુપીયા ખર્ચીને સામગ્રી તૈયાર કરે ને મલ્ટી સીસ્ટમ ઓપરેટરો મોંઘા ઉપકરણો વસાવીને એ સામગ્રીનું વિતરણ કરે તેમ છતાં તેના વળતર માટે તેમણે સ્થાનિક કેબલ ઓપરેટરના ઓશિયાળા રહેવું પડે છે.જેનું રોકાણ લઘુત્તમ છે અને તેને થતો ફાયદો મહત્તમ છે.

ચેનલો અને મલ્ટી સીસ્ટમ ઓપરેટરને સતત એવો ધોખો રહ્યો છે કે સ્થાનિક કેબલ ઓપરેટર કદી કનેકશનોનો સાચો આંકડો કહેતા નથી.ગ્રાહકોના આંકડા ગુપચાવે છે અને તેમના તરફથી મળતી ફી બારોબાર પોતાની તિજોરી ભેગી કરી દે છે.આવું ન થાય અને સ્થાનિક કેબલ ઓપરેટની જરુર જ ન રહે,એવી સગવડ ડીજીટલ પ્રસારણમાં છે.ચારે મહાનગરોમાં થયું તેમ. ડીજીટલ પ્રસારણ ફરજીયાત બની જાય એટલે એ ઝીલવા માટે ડાયરેક્ટ ટુ હોમ કનેકશનની ડીશ કે સેટટોપ બોક્સ જોઇએ. એ ન હોય તો ટીવીમાં દુરદર્શન સિવાયની એકેય ચેનલ ન દેખાય.

પરંતુ ટીવી સાથે સેટટોપ બોક્સ -ડીટીએચની ડીશ લાગી ગઇ તો પછી સ્થાનિક કેબલ ઓપરેટરની કશી જરુર નહીં.કારણકે ચેનલો સામગ્રી બનાવે અને મલ્ટી સીસ્ટમ ઓપરેટર પોતાના સાધન સરંજામથી તેને સીધી ગ્રાહકના ઘરમાં રહેલા સેટ ટોપ બોક્સ અને ડીશ સુધી પહોચતી કરી દે.આ કારણથી કેબલ ઓપરેટરનાં સંગઠનો ઘણાં નારાજ થયા હતા.તેમણે વિરોધ કરી જોયો.પશ્ચિમ બંગાળના વિરોધપ્રેમી મુખ્યમંત્રી મમતા બેનરજીએ આ મુદ્દાને રાજકીય રંગ આપવા પ્રયાસ કરી જોયો.પણ કોઇનો ગજ વાગ્યો નથી. કારણ કે ટીવી પ્રસારણ ડીજીટલ થવું એ ટેકનોલોજીની અનિવાર્ય આગેકુચનો જ હિસ્સો છે.તેને થોડા સમય પુરતો કદાચ અટકાવી શકાય,પણ તેને સદંતર રોકવો શક્ય નથી.

મુંબઇ અને દિલ્હીમાં લગભગ તમામ દર્શકોના ટીવી ડીજીટલ પ્રસારણ માટે સજ્જ થઇ ચુક્યા છે.કોલકત્તામાં મમતા બેનરજીની વિરોધ હિલચાલ પર ભરોસો રાખ્યા વિના ૮૩ ટકા દર્શકોએ સેટટોપ બોક્સ લઇ લીધા છે.ચેન્નાઇમાં પ્રમાણમાં આ પ્રક્રિયા ધીમી છે.ડીસેમ્બર,૨૦૧૪ સુધીમાં આખા દેશમાં ટીવીનું ડીજીટલ પ્રસારણ ફરજીયાત બનાવવાની સરકારની ગણતરી છે.અને તેમાં અત્યારે ત સ્થાનિક કેબલ ઓપરેટર સિવાય સૌનો ફાયદો જ છે.

## શારજાહમાં અન્ય ધર્મીઓ માટે અંતિમ સંસ્કાર સેન્ટર શરુ કરાશે

વિવિધ ધર્મોના લોકો માટે મૃત્યુ બાદ તેમના અંતિમ સંસ્કાર માટે કોઇ સુવિધા ઉપલબ્ધ નહોતી.પરંતુ શારજાહ ખાતે ૨૦૧૩માં ૧.૬૫ મીલીયન ડોલરના ખર્ચે આ સુવિધા ઉપલબ્ધ બનશે.આ અંગેની જાહેરાત ઓવરસીઝ ઇન્ડીયન એફેર્સ,મંત્રી શ્રી વ્યાલાર રવિએ કરી હતી.નવે.૧૧ ના રોજ ૧,૩૬ ડોલરનો ચેક મંત્રીશ્રીએ આપણા હિસ્સા રુપે આ પ્રોજેક્ટ માટે શારજાહ ખાતે આપ્યો હતો.રીપોર્ટ પ્રમાણે ભારતીય રાજદુત,યુનાઇટેડ આરબ અમિરાત,શ્રી એમ.કે.લોકેશ અને કોન્સલ જનરલ દુબઇ શ્રી સંજય વર્મા,મંત્રીશ્રી વ્યાલાર રવિ સાથે શારજાહથી ૨૫ કી.મી. (ઇસ્ટ)ખાતે આવેલ આ સેન્ટરની જગ્યાની મુલાકાત લીધી હતી.શ્રી રવિએ જણાવ્યું હતું કે હવે યુએઇના ત્રીજા સૌથી મોટા શહેરોમાં ગણાતા શારજાહ ખાતે અંતિમ સંસ્કાર માટેનું સેન્ટર ઉભુ થશે,જેના માટે આપણે નાણાં આપ્યા છે.જેમાં તમામ ધર્મોના ભારતીયો માટે અંતિમ સંસ્કાર કરી શકાશે.આ ભારતીય પ્રજાજન માટેનો પ્રોજેક્ટ છે.જે આપણા માટે સારુ બનશે.

આ અંતિમ સંસ્કાર સેન્ટરમાં હિંદુઓને શબને અગ્નિદાહ દેવા માટે ચાર ગેસ ક્રીમેટોરની વ્યવસ્થા કરવામાં આવી છે.જેમાં મૃત્યુ પામેલ હિંદુ,શીખ અને બુધ્ધિષ્ટના અગ્નિસંસ્કાર કરી શકાશે.તેમજ મુસ્લીમ અને ખ્રિસ્તીઓ માટે દફન કરવા માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે.દુબઇ ખાતેના ઇન્ડીયન કોન્સુલેટ દ્વારા બતાવાયેલ આંકડા મુજબ દર વર્ષે યુએઇમાં ૧૩૦૦ જેટલા ભારતીયોના મોત નીપજે છે.ત્યાં કાયદાકીય જોગવાઇ અને ઉંચી કિમતના કારણે મૃત્યુ પામનારા લોકોના કુટુંબીજનોને ભારે તકલીફ વેઠવી પડે છે.અને તેમની છેલ્લી ઇચ્છાઓ પરિપુર્ણ થતી નથી.

આ નવી સગવડને કારણે જેઓ શારજાહ અને નોર્થન અમીરાતમાં વસે છે તેમના માટે આ એક ખાસ સગવડ છે.ગત એપ્રીલમાસમાં ભારતે યુએઇને આ બાબતે પડતી તકલીફોની જાણ કરીને તેમને ત્યાં વસતા ભારતીયોને માટે સગવડ ઉભી કરવા માટે જમીન ફાળવણી માટે વિનંતી કરી હતી.ત્યાંના એક્સર્ટનલ એફેર્સ મીનીસ્ટર જ્યારે દિલ્હીમાં આવ્યા હતા ત્યારે બેઉ દેશોના પ્રશ્નો માટે ચર્ચા થઇ ત્યારે આ બાબતને પણ મુકવામાં આવી હતી. જેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.રીપોર્ટ મુજબ ભારત સરકાર આ જ પ્રકારની સગવડો બીજા ગલ્ફ રાજ્યોમાં ઉભી થાય માટે વિનંતી કરવાની છે.કારણકે ગલ્ફ દેશોમાં છ મીલીયનથી વધુ ભારતીયો કામ કરે છે અને વસવાટ કરે છે.

## ઇન્ડોનેશીયામાં આતંકવાદ ફરીથી મજબુત બની રહ્યો છે

મલાકા, વિશ્વના મોટા અને અગત્યના બંદરો પૈકીનું એક ગણાતુ ઇન્ડોનેશીયાનું બંદર છે.જેના પરથી વિશ્વનો ૪૦ ટકા જહાજી વ્યાપાર ચાલે છે જે એશીયા,મીડલ ઇસ્ટ અને યુરોપની સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલ છે.સાઉથ ઇસ્ટ એશીયાનું જીમાહ ઇસ્લામીયા(જીઆઇ) જેને યુએસ સરકારે અલ-કાયદા અને તાલીબાન સાથે સંકળાયેલ આતંકવાદી ગ્રુપ જાહેર કરેલ છે.તે ઇન્ડોનેશીયામાં સક્રિય બની રહ્યું છે.તેનો પ્રભાવ દિવસે દિવસે વધુ મજબુત બનતો જાય છે જે ખતરો બતાવી રહ્યું છે.રીપોર્ટ પ્રમાણે એશિયામાં થયેલ કેટલાક બોંબ બ્લાસ્ટ અને ૯-૧૧ના ટ્વીન ટાવરપરના હુમલામાં તેમની સંડોવણી બાબતે તેમની સામે શંકાની સોય તકાઇ છે.ઇન્ડોનેશીયન કાઉન્ટર ટેરીરીઝમ સ્કોર્ડ ડીટેચમેન્ટ ૮૮,દ્વારા જેઆઇના કેટલાક મહત્વના નેતાઓને મારી નાંખવામાં આવ્યા હતા.પરંતુ તાજેતરમાં મળેલા સમાચારો મુજબ ફરીથી તેઓ બેઠા થઇ રહ્યા છે અને મજબુત બની રહ્યા છે.

આતંકવાદીઓને મારી નાંખવાથી તેઓ નષ્ટ થઇ જશે કે આતંકવાદ દુર થઇ જશે તે માન્યતા ખોટી છે.પરંતુ આતંકવાદની વિચારધારા ફેલાવનારાઓને નષ્ટ કરવા જરુરી છે તેવું ઇન્ડોનેશીયન નેશનલ એન્ટી ટેરર એજન્સીના ચીફ અસાંદ એમબીયને જણાવ્યું હતું.

### જાણવા જેવું !

વિશ્વમાં મળી આવતાં સૌથી નાના ઓક્ટોપસની લંબાઇ અઢી સે.મી.હોય છે.

ગોકળગાય સતત ત્રણ વર્ષ સુધી ઉંઘી શકે છે.

ડુક્કર ક્યારેય આકાશ તરફ નથી જોઇ શકતા.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસ્રાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

રૂબિના એપાર્ટમેન્ટ, ડૉ. લોરેન્સ એવન્યુ પાસે,સિયોન નગર મણિનગર પૂર્વ , અમદાવાદ - ૮

મો.:૯૮૨૪૩૬૨૪૬૨-



**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.